॥ श्रीगणेशायनमः ॥

સતી-અનસૂયા

નાટકનાં ગાયનો.

શ્રી આર્ય સુબોધ નાટક મંડળીને માટે

રચી પ્રસિદ્ધ કરનાર,

મૂળજી આશારામ ઓઝા મોરબી

(મોરબી આ૦ સુ૦ નાટક મંડળીના માલેક.)

[આવૃત્તિ ચોથી-પ્રત ૧૦૦૦૦]

અમદાવાદ યુનાઇટેડ પ્રિન્ટીંગ અને જનરલ એજન્સી કંપની લીમીટેડના પ્રેસમાં રણછોડલાલ ગંગારામે છાપ્યાં.

સંવત ૧૯૬૭. સને ૧૯૧૧.

કીમત બે આના.

સતી અનસૂયા.

નાટકની પ્રવેશવાર ટુંક હકીકત.

અંક પહેલો.

મંગળાચરણ—આર્ય ધર્માનુસાર સ્ત્રીઓનાં કર્તવ્યને જાણવાની જીજ્ઞાસાવાળી આર્ય બાળાઓને ઉપદેશ.

પ્ર૦ ૧ લો–સો વર્ષના ભયંકર દુષ્કાળના સમયમાં અરણ્યને વિષે પતિને માટે જળની શોધમાં નીકળી પડેલાં મહા સતી અનસૂયાનો, સ્વર્ગીય સુખ ભોગવવાની લાલસાથી તપ કરતી નર્મદા નામની બ્રાહ્મણ કન્યા સાથે મેળાપ. સતીના સતીત્વ પ્રભાવથી ભાગીરથીનું પ્રાગટય. અનસૂયાના આર્શીર્વાદથી દૈવી વિમાનમાં બેસી નર્મદાનું સદેહે સ્વર્ગમાં જવું.

પ્ર૦ ૨ જો–પોતાને માટે જળની શોધમાં ગયેલાં સતીની વાટ જોતા, તૃષાતુર થએલા મહર્ષિ અત્રિ પાસે અનસૂયાનું જળ લઇને આવવું. જળપાન કરાવ્યા બાદ સતીનું પતિ સેવામાં તલ્લીન થવું. મુનિવર નારદનું આગમન. સતી પ્રશંસા. સંત મંડળ સાથે શ્રી બદ્રીનાથની યાત્રાએ જતા માંડવ્ય ઋષિનો સમાગમ.

પ્ર૦ ૩ જો–નંદન વનમાં વિહારાર્થે આવેલાં લક્ષ્મી સાવિત્રી તથા પાર્વતીની દાસીઓનો માંહામાંહે સંવાદ, આકાશ માર્ગે ગમન કરતી નર્મદાના વાણી વિલાસથી રંગમાં ભંગ. અનસૂયાના સતીત્વની ઈર્ષ્યા. મદનરાજની મદદ લઇ સતીના સતીત્વની કસોટી કરવાનો નિશ્ચય.

પ્ર૦ ૪ થો–વશીકરણ મંત્રથી ધણીને વશ કરવા જતાં પોતે જ સપડાઇ ગએલી સ્ત્રીની દુર્દશા. શિવમંદિરમાંથી નીકળતાં અનસૂયાના આશીર્વાદથી દુઃખી સ્ત્રીનું દુઃખ મુક્ત થવું. સતીના સમાગમમાં આવતાં સ્ત્રી મંડળને પતિને વશ કરવાનું સ્હેલું વશીકરણ શિક્ષણ. બદ્રીનાથ જવાને તૈયાર થએલા મહર્ષિ અત્રિનું સતી પાસે વિદાયગિરી માગવા આવવું.

પ્ર૦ ૫ મો–ગૃહસ્થાશ્રમનો અનુભવ લેવા પરણેલા અત્રિના એક શિષ્ય અનુભવાનંદનો કડવી સાથે ગૃહ સંસાર, ફુવડની ફજેતી તથા ભવની ભવાઇ.

પ્ર૦ ૬ ઠ્ઠો–અનસૂયાના સતીત્વની કસોટી કરવા માટે લક્ષ્મી સાવિત્રી તથા પાર્વતીનું અપ્સરાઓ તથા કામને લઇ છુપા વેષે આશ્રમમાં આવવું. વસંતોત્સવ. પતિની ગેરહાજરીમાં ગૃહિણી તરીકે આર્ય સ્ત્રીઓનું કર્ત્તવ્ય. આર્ય સંસારમાં સ્ત્રીઓના અધિકાર વિષે પ્રશ્નોત્તર. સતીત્વની કસોટી કરવા અત્રિના વેષમાં આવેલા મદનનો પરાજય.

પ્ર૦ ૭ મો–રાજાના મહેલમાં થયેલી ચોરીની તપાસ કરતા સિપાઈઓની અંધાધુંધી, છીંડે ચડ્યો તે ચોર. કૌશિક નામના આંધળા બ્રાહ્મણની ઝડતી.

પ્ર૦ ૮ મો–સ્વર્ગમાં ઇંદ્રાદિક દેવતાઓની સભા. અનસૂયાના આશીર્વાદથી સ્વર્ગમાં આવેલી નર્મદાનું સંભ્રમમાં પડવું. દેવતાઓનો ખુલાસો, ઉન્નતિ માર્ગ દર્શનને માટે નર્મદાની પ્રાર્થના. નારદની સલાહથી નર્મદાનું પાછું મૃત્યુલોકમાં જવું. મહાસતી અનસૂયાનું યશોગાન, વિષ્ણુ અને નારદની માર્મિક જ્ઞાનગોષ્ટી, પુષ્પાંજલી.

અંક બીજો.

પ્ર૦ ૧ લો–રાજાના મહેલમાં ચોરી કરી નાસી આવેલા ચોરોની ભાગના સંબંધમાં ભાંજગડ, પગલું ખોળતા સિપાઇઓ આવી પહોંચવાથી સમાધિસ્થ થએલા માંડવ્ય ઋષિ પાસે ચોરીનો માલ મૂકી ચોરોનું નાસી જવું. મુદ્દા માલ સહિત ચોર પકડાએલો જાણી ખુશી થતા સિપાઇઓનું માંડવ્યને એવી જ સ્થિતિમાં ઉપાડી ચાલતા થવું.

પ્ર૦ ૨ જો–પતિસેવાના અભાવે સ્વર્ગમાંથી પાછી આવી (કૌશિક) સુરદાસને પોતાના પતિ તરીકે સ્વીકારી તેની સેવા કરતી નર્મદાની મશ્કરી ઠઠ્ઠા કરતી સરખી વયની સખીઓને સુરદાસનો હાજર જવાબ, તીર્થયાત્રા કરવાની પોતાની ઇચ્છાને નર્મદા અનુકૂળ થવાથી સુરદાસનું પ્રસન્ન થવું.

પ્ર૦ ૩ જો–ચોર જાણી પકડી આણેલા સમાધિસ્થ માંડવ્યને સૂળી ઉપર ચઢાવાની તૈયારી કરતાં સૂળીના મૂળમાંથી ધર્મનું પ્રગટ થવું. માંડવ્ય જાગ્રત થતાં, પોતે બાળચેષ્ટામાં કરેલી જીવહિંસાને માટે આવી શિક્ષા પામવાથી ઉશ્કેરાઇ જવું, માંડવ્યના મનનું સમાધાન કરી ધર્મરાજાનું અંતર્ધાન થવું. યાત્રાએ નીકળેલાં સુરદાસ તથા નર્મદાનું પાછલી રાત્રે ત્યાં આગળ થઇને જવાનું થતાં, માર્ગમાં દુઃખદ સ્થિતિમાં પડેલા માંડવ્યને સુરદાસના પગનો અજાણતાં સ્પર્શ થવાથી શાપ આપવો. સૂર્યોદય થતાંની સાથે પોતાના પતિનું મૃત્યુ થશે એવી બ્હીકથી નર્મદાનું ભયભિત થવું. પતિસેવાના પ્રભાવથી સૂર્યોદય અટકાવી રાખવાની યોજના. સતીના શાપથી માંડવ્યના તપોબળનું નાશ થવું.

પ્ર૦ ૪ થો–સૂર્યોદય અટકયાનું કારણ શોધવા મળેલી રાજાની ખાનગી કચેરીમાં માંડવ્યનું આવવું. પોતે કરેલા સાહસ

માટે માંડવ્યને પશ્ચાત્તાપ થવો. નર્મદાના શાપ નિવારણાર્થે પુરોહિતની સલાહથી સર્વનું અનસૂયા પાસે જવું.

પ્ર૦ ૫ મો-ભલો અનુભવાનંદ કડવા સ્વભાવની કડવી સ્ત્રીથી કંટાળી અનુભવાનંદનું ઘરમાંથી ચાલી નીકળવું.

પ્ર૦ ૬ ઠ્ઠો-સૃષ્ટિના કલ્યાણાર્થે સૂર્યને શાપમુક્ત કરવાની નર્મદાને ભલામણ-અનસૂયાના સતીત્વ બળથી કૌશિકનું સજીવન થવું તથા સુરદાસ મટી દેખતા થવું. જન્માંધને નેત્ર રત્નની પ્રાપ્તિથી અપૂર્વ આનંદ.

પ્ર૦ ૭ મો-કંથ વિનાની કામિનીને વ્યવહારની વિટંબણા. હાથનાં કર્યાં હૈયે વાગવાથી કડવીનું પીયરમાં જવું.

પ્ર૦ ૮ મો-પોતાની કુંવરીને સતીની શિષ્યા બનાવવાના ઉદ્દેશથી મહા સતી અનસૂયાની રાજ્યભુવનમાં પધરામણી. બાળાઓના શિક્ષણ સંબંધી તથા રાજ્ય ધર્મ સંબંધી રાજાને અમૂલ્ય સૂચના.

પ્ર૦ ૯ મો-સતીના સતીત્વનો ચમત્કાર. અક્ષય પાત્રના પ્રભાવથી સૈન્યને ઇચ્છા ભોજન. ધણીને ધમકાવતી ધણીઆણીને નર્મદાનો બોધ.

પ્ર૦ ૧૦ મો-બ્રહ્માંડનો બ્રહ્મનાદ. સતી અનસૂયાની પુનઃપ્રશંસા થવાથી પોતાના સ્વામીદ્વારા તેના સતીત્વની કસોટી કરાવવાની સ્વર્ગની સુંદરીઓની યોજના. દૈવેચ્છાથી યોજનામાં ફતેહમંદ થવું.

પ્ર૦ ૧૧ મો-પતિને પ્રતિકૂળ સ્ત્રીઓની અધોગતિ. સતીના સતીત્વની કસોટી કરવા અતિથિરૂપે આવેલા દેવતાઓનો અતિથિસત્કાર.

પ્ર૦ ૧૨ મો-મહર્ષિ અત્રિના આશ્રમમાં માંદા અનુભવાનંદની માવજત. કડવી તથા અનુભવાનંદનો ઘણા વર્ષે અકસ્માત મેળાપ.

પ્ર૦ ૧૩ મો-યોગી રૂપે આશ્રમમાં આવેલા બ્રહ્મા, વિષ્ણુ

અને મહેશ્વરની અયોગ્ય માગણી. અતિથિની ઇચ્છા મુજબ ભિક્ષા દેવાના વચનથી બંધાએલી સતીનું ધર્મ સંકટમાં આવી પડવું. પતિ સેવાના પ્રભાવથી ત્રણે દેવતાઓનું છછ માસના બાળક બની જવું.

અંક ૩ જો.

પ્ર૦ ૧ લો–બદ્રીકાશ્રમમાં મહર્ષિ અત્રિ ધ્યાનમાં બેઠાછે. તેમાં અનસૂયાની આર્જવતા જોઇ ચમકે છે. તે સંબંધી શિષ્યોનું સંભાષણ.

પ્ર૦ ૨ જો–ત્રિગુણાત્મક પ્રભુના પ્રાગટ્યથી ઇંદ્રાસનતું ડોલવું. મુનિવર નારદની ભલામણથી દેવતાઓનું અનસૂયાના આશ્રમ તરફ જવું.

પ્ર૦ ૩ જો–સતીના સતીત્વની કસોટી કરવા મોકલેલા પોતાના પતિની રાહ જોતાં લક્ષ્મી સાવિત્રી તથા પાર્વતીનો પશ્ચાત્તાપ. અનસૂયાના સતીત્વ બળથી દેવતાઓની સ્ત્રીઓનો પરાજય.

પ્ર૦ ૪ થો–અનસૂયાના આશ્રમમાં બાળ રૂપે પારણામાં ઝુલતા ત્રિગુણાત્મક પ્રભુની બાળલીલા. લક્ષ્મી સાવિત્રી તથા પાર્વતીનું અતિથિરૂપે આવવું.

પ્ર૦ ૫ મો–બદ્રીકાશ્રમમાં તપ કરતા મહર્ષિ અત્રિને બ્રહ્મા વિષ્ણુ અને મહેશ્વરના બાળક રૂપે પ્રાગટ્ય વિષે નારદદ્વારા સમાચાર મળવાથી પોતાના આશ્રમ તરફ જવું.

પ્ર૦ ૬ ઠ્ઠો–બાળ પ્રભુનાં દર્શનાર્થે આવેલા ઇંદ્રાદિક દેવતાઓનું નર્મદાને જોઈ આશ્ચર્ય ચકિત થવું.

પ્ર૦ ૭ મો—લક્ષ્મી સાવિત્રી તથા પાર્વતીની માગણીનો સ્વીકાર. ત્રણે દેવતાઓનું પોતાના મૂળ સ્વરૂપમાં આવવું. સતીને આશીર્વાદ. દત્તાત્રેયનું પ્રાગટ્ય અને નાટ્યની સમાપ્તિ.

પાત્રો.

અત્રિ...............સહ્યાદ્રિ પર્વત ઉપર વસનાર એક મહર્ષિ.
નારદ...............બ્રહ્માના પુત્ર. સર્વ મુનિઓમાં શ્રેષ્ઠ મુનિ.
માંડવ્ય...............એક તપસ્વી.
કૌશિક...............એક ગરીબ સુરદાસ બ્રાહ્મણ.

બ્રહ્મા
વિષ્ણુ ....જગત્‌ની ઉત્પત્તિ સ્થિતિ અને લય કરનાર
મહેશ્વર ત્રણ દેવતાઓ.

અનુભવાનંદ
સોમદત્ત ....અત્રિના શિષ્યો.
શિવદત્ત
હરિદત્ત

ખીમો.....................રાજાનો એક હજુરી.
રામશંકર........ ....કડવીનો પિતા.

સ્ત્રી પાત્રો.

અનસૂયા......... મહર્ષિ અત્રિનાં પત્ની.
નર્મદા............એક બ્રાહ્મણની કન્યા, પાછળથી કૌશિકની સ્ત્રી.

સાવિત્રી
લક્ષ્મી ....બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરની વિભૂતિઓ.
પાર્વતી

લીલાવતી............લક્ષ્મીની દાસી.
પ્રભાવતી...........પાર્વતીની દાસી.
સુલોચના............સાવિત્રીની દાસી.
કડવી.................અનુભવાનંદની સ્ત્રી.
રૂડી.....................ખીમાની સ્ત્રી.
પ્રેમકુંવર...............કડવીની મા.

એ શિવાય-રાજા-રાણી-કુંવરી-અપ્સરાઓ-ઇંદ્રાદિક દેવતાઓ વંત્રીઓ-સિપાઇઓ-ચોર-વગેરે.

सती

अनसूया नाटकना गायनो.

१

મંગળાચરણ.

સૂત્રધાર—

શ્રીવર ભૂભરહર, જગધર નટવર,
સેવક શિર કરધર, સાહ્ય થાઓ હલધર—શ્રી૦
જય જગદીશ તમ જશ દશ દિશ,
વંદુ શ્રી હરિ નામી શીશ;
યદુ કુલ કમલ દિનેશ શેષ ગુણ ગાય,
ચ્હાય ચિત્ત ચરણ શરણ.
સેવક શિર કરધર—સાહ્ય૦

સૂત્રધાર
નટી }— ૨
આર્ય બાળાઓ

ગોવિંદ કૃષ્ણ વિભુ ગિરધારી, મોરલીધર કેશવ મોરારી;
મંગલકર માધવ મદ હારી, વ્રજરાજ,—બિહારી બલહારી—
સંતાપ પાપ હરતા સુખ કરતા, ભવભય ભંજન અભરણ ભરતા,
જય સ્વામી, દિન વિશ્રામી, આનંદ કંદ અંતર્યામી—ગોવિંદ૦
શ્રીપતિ સર્વેશ્વર ગુણ સાગર, નરસિંહ નરહરિ નટવર નાગર,
જદુપતિ જગજીવન સુંદર ભૂધર કર જન મન સુખકારી—ગોવિંદ૦

અનસૂયા— ૩

ત્રિભુવન પતિ તારનાર વ્હાર કરો મા......રી.
વ્હાર કરો મારી હરિ થાઓ સાહ્યકા.....રી—ત્રિભુવન૦

દીનદયાળ શરણે બાળ, કિંકરીની લ્યો સંભાળ,
પીડે છે પ્રાણીને પાપી દુષ્કાળ, પીવા મળે ન વારિ—ત્રિભુવન૦
ભૂલી ગઈ ગમ દેહભાન, સ્વામીની સેવામાં લાગ્યું તાન,
ક્યાંથી કરાવું હવે જળપાન, પતિને સેવનારી—ત્રિભુવન૦

નર્મદા— ૪

ભજું પ્રીતથકી આજ હું મોરારી,
ભોગવવાને સ્વર્ગ સુખ (૨) આશ મારી—ભજું૦
નથી મારૂં કોઇ માત તાત ભાઇ,
મિથ્યા છે સર્વ જગતણી સગાઇ;
સાચી એક અવનીમાંહી (૨) ભક્તિ તારી—ભજું૦
રહી મોહી આ સંસાર સુખ જાણી,
જાણ્યું સુણી સત્પુરૂષ તણી વાણી;
એસું કરીને હામ આવી (૨) શરણ તારી—ભજું૦

૫

નારદ—મન ભજ નારાયણ ભાવે, (૨)
ધન દોલત કછુ કામ ન આવે-મન૦
અશરણ શરણ ભરણ અભરણ ક્ષણ
જો મૂઢ અંતર લાવે,
પાપ અમાપ પ્રલય હો જાવે,
અક્ષર ધામ સિધાવે-મન.

માંડવ્ય—શિષ્યો.— ૬

હાંહાંરે સંતો સંતસમાગમ મોટો. હાંહાંરે,
જેનો ત્રિભુવનમાં નહીં જોટો-જોટોરે—સંતો૦

કરવો હરિભજન વ્યાપાર, (૨)
જેમાં કદી ન આવે તોટો-તોટોરે—સંતો.
જગમાં જાયું તે જાવાનું (૨)
કરતા ખળ ખોરંભો ખોટો-ખોટોરે—સંતો.
ધરવું ધ્યાન હરિનું સાચું (૨)
એ વિણ સઘળો ગરબડ—ગોટો-ગોટોરે—સંતો.

નર્મદા— ૭

મિથ્યા વાદ મૂકોને, ન્યૂનાધિક નથી રતિ ત્રણમાં કોઇ,
ઋષિપત્ની અનસૂયા-સમાન સતી નવ ત્રિભુવનમાં જોઇ.

ત્રિદેવી દાસીઓ—   ૮

અજબ અજબ આશું જાય,
ગજબ ગજબ નવ કળાય,
શું સંભળાય મન મુંઝાય—અજબ
કંચન કેમ કથીર કથાય!
ઉજડ માંહી એરંડો પૂજાય,
ચરરરરર ચિત્ત ચીરાય—અજબ.

ત્રિદેવી— ૯

બદલાયું (૨) સ્થળ જે શાન્તિ પ્રસારી શોક સર્વ ટાળે,
તે નંદન વનનો શીતળ પવન પણ વન્હિ થઇ બાળે—બદલાયું.
સાવિત્રી—જડશે પારસ વીણુ પ્રયાસે, મૂલ્ય તેનું ક્યમ અમૂલ્ય થાશે,
પાર્વતી—વસીયાં માનવદેવ અવાસે દીઠાં કોઇ કાળે—બદલાયું.
દાસીઓ-ધરો ધીરજ હૃદયે અમબાઇ, ઘટશે ચિંતાથી ચતુરાઇ,

ભોગવશે સરસાઈ કેમ જ્યાં સત્ય ધર્મ પાળે—અદલાકું.

અનસૂયા— ૧૦

ઋષિવર પદરજ શિર ધારી માગું હું—ઋષિ.
અંતર વાસ નિરંતર કરજો,
શર્ણાગત ભીડ ભય સૌ હરજો;
હરજી અરજી મારી લેજો ઉર ધારી-માગું હું—ઋષિ.
સુમન સુગંધ રહિત જેમ સ્વામી,
વિરહે ગતિ મમ નિર્મળ નામી,
ઇચ્છું સેવા ચરણ તણી સુખકારી-માગું હું—ઋષિ.

અનુભવાનંદ— ૧૧

ભાળો ભાળો આ ભવની ભવાઇ—
ભાઇ ભાઇ ભાળો ભાળો આ ભવની ભવાઇ.
સૌ નજરે નિહાળો આ નારની નવાઇ—ભાળો.
લાડીને લાવ્યા-સંસારના નિભાવ્યા,
એવા દીઠા મેં લાખો સસરાના જમાઇ—ભાળો,

કડવી—પ-ણ

આતો પડે વાતે વાતે આડું
કેમે કર્યું ચીલે ચઢે નહીં ગાડું
કહો હવે વાંક કોનો એમાં કાઢું
"હું કહું વડ, ત્યારે એ કહે થડ"
જાદ્યું બ્હાનું કે રોજ રોજ જાગતી લડાઇ—ભાળો.

અનુભવાનંદ—

જેને મળી સુઘડનાર, તેનો ધન્ય અવતાર,
તરી ઉતરે ભવપાર, કરી સાચી કમાઇ—ભાળો.

અપ્સરાઓ— ૧૨

ખીલી રહીઆળી (૨) ઋતુ વસંત
રે....................ચિતડું ચોરે,
ભુલે લલનાઓ (૨) અંગનું ભાન
રે.......... ....મદન જોરે,
વ્યાપે અનંગની આગ હૃદયમાં
શાણી સાહેલી.
રસીયાને સંગ નહીં રંગ ઉછરંગે
માંડયો મન્મથે મહાજંગ શું છનાય,
યૌવન એળે વહી જાય.

રતિ—સ્વામી ભેટે સુખ થાય.

અપ્સરાઓ—હી........... ક .....ખીલી.

નાથે દબાવી બાથમાં આણી અંતર વહાલ,
કર્યું ચુંબન ચતુરાઇથી, (પણ) જણાય ભીના ગાલ.

રતિ—ખો—ટું.

અપ્સરાઓ—ત્યા—રે ?

રતિ—હેતે હસી ઉરાડીયું લાલે લાલ ગુલાલ,
રજ ઉડી આંખે પડી-તેથી ભીંજાયો ગાલ.

અપ્સરાઓ—છાની છાની છબીલી રહે છાની,
નથી એ વાત અમથી અજાણી,
જાણી જાણી ઓ જુઠી તને જાણી,
જણાય ત્યારે આશી એપાણું.

તંબોળે મુખડાં ભરી, કીધું અધર રસપાન,
પીતાં કે પાતાં ટપ્યો, છે અંબરપર નિશાન.

રતિ—નાના-એમ નહીં.

અપ્સરાઓ—ત્યારે ?

રતિ—ભરી પીચકારી પ્રેમથી, કરી નિરધાર કમાન,
કેસુડાં રંગ છાંટીયો તેનું એજ નિશાન.

અપ્સરાઓ—હા. હા, હા. હવે સમજયાં.

રતિ—શું ?

અપ્સરાઓ—વસંત, વસંત, વસંત. ખીલી.

૬૩

અનસૂયા—મ્હેમાન થયાં તમે મ્હારાં,
અપ્સરાઓ—સ્વીકારશે; મ્હેમાની.
અનસૂયા—મ્હેમાન કરે મ્હેમાની-દુનિયા કહે દીવાની. (૨)
લક્ષ્મી—ધરી વસ્ત્રાભૂષણ અંગે. (૨)
કરો રમત ગમત અમ સંગે. (૨)

રતિ—ઝુઝીએ મદનના જંગે,
અપ્સરાઓ—સ્વીકારશો મ્હેમાની.
અનસૂયા—જેવી નીર વિનાની સરિતા. (૨)
તેવી વ્હાલા વિણ વનિતા. (૨)
બીજી વ્યર્થ બધી મસ્તાની
દુનિયા કહે દીવાની. (૨)
લક્ષ્મી—કંઠે ધરો કુસુમની માળા, (૨)
પ્હેરો મીલમ હાર રૂપાળા. (૨)

શિર ઉપર મુગટ છોગાળા. (૨)

અપ્સરાઓ—સ્વીકારશો મ્હેમાની.

અનસૂયા—જેના પતિ વસે પરદેશે. (૨)

તેણે રહેવું સાદે વેશે. (૨)

બીજી વ્યર્થ બધી મસ્તાની.

દુનિયા કહે દીવાની. (૨)

૬૪

અપ્સરાઓ—પરાધીન પરવશ થઇ રહેનાર,

પતિને પ્રભુ ગણી પૂજનાર;

નિરર્થક કાઢે નિજ અવતાર,

બળ્યો એ દંપતીનો વ્હેવાર. (૨)

અનસૂયા—સ્ત્રીઓનો પતિ થકી ઉદ્ધાર,

પતિ રીઝવ્યે રીઝે કીરતાર;

કરો કેમ અવળા આમ વિચાર,

ઉજળો આર્યતણો સંસાર (૨)

અપ્સરાઓ—પુરૂષને મન માન્યો અધિકાર.

નારનો ભાર નહીં તલ ભાર,

અધમ શું અબળાનો અવતાર,

બળ્યો એ દંપતીનો વ્હેવાર.

અનસૂયા—સ્વામીના ભાગ્યને ભોગવનાર.

નાવ નર ને તરવા ભવ પાર,

નથી કંઈ એ ઓછો અધિકાર,

ઉજળો આર્યતણો સંસાર, (૨)

અપ્સરાઓ—દીપે છે બન્નેથી ઘરબાર,
નથી ન્યૂનાધિક નરકે નાર,
છતાં કયમ નહીં સરખી હકદાર,
બજ્યો એ દંપતીનો વ્હેવાર,

અનસૂયા—પુરૂષનું પળમાં દિલ હરનાર,
ઠરાવી ગૃહિણી ગુણ ભંડાર,
સદા ઘરની તે ફૂલ મુખત્યાર,
ડિજ્યો આર્યતણો સંસાર. (૨)

અપ્સરાઓ—સ્વાર્થી મળ્યા શાસ્ત્ર લખનાર.
નહીં કોઇ નાર પક્ષ કરનાર.
જોઇ પાડયા પાસા પોબાર,
બજ્યો એ દંપતીનો વ્હેવાર. (૨)

અનસૂયા— ૧૫

ચરણ કમળ તણી દાસી હું પતિના.
ચરણ કમળ તણી દાસી,
અરસ પરસ અમ પ્રેમ હૃદયનો;
રાખો અચળ અવિનાશી-હું પતિના.
સ્વપ્ને ન અન્ય પદાર્થ હું યાચું,
પતિ સેવા મમ દૈવત સાચું;
નાથ હૃદય રહો પ્રકાશી-હું પતિના.
ગુણ નિધિ ગુણિયલ શ્રીધર સ્વામી.
અંતરનું વર સ્થાન હું પામી;
માત્ર દરશ તણી પ્યાસી-હું પતિના,

અનસૂયા— ૧૬

નિહાળું અણચિંતવ્યો યોગ (૨)
ટળ્યો શું સ્વામી તણો વિયોગ,

કામ—ટળ્યો વિયોગ થયો સંયોગ (૨)
ભામિની ભોગવીયે રસ ભોગ,
તરસ્યો ભમરો નાજુક નલિની, જરા ઉઘાડો પાંખ;
પાઓ અધર રસ પામરને, મમ ભણી ઠરાવી આંખ.

અનસૂયા—સમજુ છો ઝાઝું શું કહાવું (૨)
નાથ ઘટે નહીં તમને આવું (૨)
ભલે મેળવ્યો જોગ ભામિની (૨)
ભોગવીયે રસ ભોગ—

સુરદાસ— ૧૭

આંખ વિના અંધારૂં રે (૨)
સદાય મારે આંખ વિના અંધારૂં.
કોઇ કે'શે લાલ લીલું—
આ ધોળું ને આ પીળું.
મારે મન સઘળું કાળું કાળું રે (૨) સદાય.
કોઇને જગ લાગે સારૂં—
કોઇને લાગે નઠારૂં;
મારે મન જીવતર ખારૂં ખારૂં રે (૨)—સદાય.

નારદ ૧૮

અંતરયામિ (૨) જય સુંદર નટવર સુખકર ભયહારી

મુક્તાફળ ચારો હંસ ચરે–બક સ્વાદતણું અભિમાન ધરે,
કરી દ્વેષ વૃથા મદ માતુ ફરે–મદ માતુ ફરે—અંતર૦
ભલી કુંજે કુંજ બની સારી–ખટ પદ ગુંજાર કરે ભારી,
વસે દાદુર પાસ પણ નહીં યારી–પણ નહીં યારી--અંતર૦
શશિ શોભે તારા મંડળમાં, ધરે ધ્યાન કુમુદ રહીને જળમાં.
તપે ચકોર જઇ શાન્તિ સ્થળમાં–શાન્તિ સ્થળમાં—અંતર૦

દેવતાઓ— ૧૯

જય જય ત્રિભુવન ત્રાતા.
જય હરિહર વિધાતા...આ.........
સુર મુનિવર ગુણ ગાતા,
પદ પંકજ રજ ન્હાતા—જય જય૦
કચ્છાવતાર ધારી, મંદ્રાચળ તોળ્યો ભારી,
વલોવ્યું સમુદ્ર વારિ, અવિચળ સુખદાતા—જય જય૦
પરમાનંદ પૂરણ કામ, પુરૂષોત્તમ પરમ ધામ;
એક રૂપ અનેક નામ, શાન્તિ રસ પાતા—જય જય૦

અંક ૨ જો.

૨૦

ચોર—લીલાલ્હેર લીલાલ્હેર કરી માતાએ મ્હેર.
માલ ભારે આવ્યોસે આજ હાથમાં–હો.
માલ ભારે આવ્યોસે આજ હાથમાં.

બૈદીનું ટળ્યું દખ (૨)

હો મારે સે જખ (૨)

ભીમડો } હખીથીયા રહી હરવે હંગાથમાં-હો,
મોતીઓ } માલ ભારે આવ્યોસે આજ હાથમાં-હીરા,

૨૧

નર્મદા—મન મોતીની માળ પરોવી-કંથને કંઠે ધરાવું.

પ્રીતમ પ્રેમે મંદિર પધરાવું (૨)

સત્ય ધર્મને નાજુક કંઠે નીલ મણિ જડિત્ર જડાવું.

પ્રીતમ મંદિર પ્રેમે પધરાવું (૨)

સ્નાન કરાવું પંચામૃત અંગે ચોળી.

તીલક બનાવું ત્રિકમને ચંદન ઘોળી

વસ્ત્ર નિત્ય વિધ વિધ પ્હેરાવું.

કરી દર્શન ચિત હ્હાવું-પ્રીતમ પ્રેમે.

ખટ રસ ભોજન પતિ જમાડી.

અવશેષે ખુશી થાઉં-પ્રીતમ પ્રેમે.

ભરી ગંગાજળ નિર્મળ હાથગ્રહી ઝારી,

પાન કરાવું પ્રીતમને પ્રીતે વારિ.

પંખે ઢોળું પવન સ્વામીને

ગુણ નિત્ય પતિના ગાઉં-પ્રીતમ પ્રેમે.

૨૨

કૌશિક—વાહ ભલે મળી તું બામા. (૨)

નર્મદા—જાઉં વારીવારી, રે બલીહારી તમે રામ હું શામા.
કૌશિક—ગુણિયલગોરી-વેઠ વ્હોરી (૨)
રખે હૃદયમાં રાખો ચોરી.
નર્મદા—એ શું બોલો શ્યામ મારા (૨) હું તમારી શ્યામા-વાહ.
તીર્થ કરાવું કૃતાર્થ થાઉં (૨)
ગુણ તમારા હરનીશ ગાઉં.
સ્વામી મારા શા માટે મન કરો વિચાર નકામા-વાહ.

૨૩

સુરદાસ—

જાગરે જીવ સંભારને શ્રીહરિ, શઠ થઇ શું સુતો સોડ તાણી,
પોટલાં પાપનાં બાંધીયાં સાથ નવ જ્ઞાન વૈરાગની વાત જાણી—
દિવસે ચોદિશ ભમ્યો રાત નિદ્રા વિષે, સ્વપ્નમાં સાંભરે ખોટી માયા,
જન્મીને જીવનનો સાર જાણ્યો નહીં, નવઘડી એક ગોવિંદ ગાયા—
મોહમાં રહી મચ્યો પ્રપંચમાં તું પચ્યો, મોંઘો ચિંતામણિ એજ ખોયો,
વાર્યું કરતો નથી હાર્યું કરવું પડે, અંતે પસ્તાઇ પસ્તાઇ રોયો—

૨૪

નર્મદા—મનસુબા માળી તન બાગે બીજ વાવો જે દીલ ચ્હાય,
સુંદર ફળ ભાળી ઈંદ્ર વરણનાં ખાવા મન લલચાય,
કોઇ વાવે કેતકી કે કેવડો ચંબેલી સારી,
કોઇ વાવે મોગરો ગુલાબ ગુલહજારી.

કોઇને જુઇ લાગે પ્યારી,
જાસુંદી કામણગારી.
વડલાને ડાળે નહીં ફળશે શ્રીફળ પણ રેટા થાય થાય—મન
હિંગ હજાર છુપાવતાં, વાસ છુપાશે કેમ,
છાનાં પાપ અમાપની, છાપ પ્રગટશે એમ—મનસુખા.

૨૫

અનુભવાનંદ—દુનિયા દોરંગી શાને મનવા તું કરે શોકરે,
રંગેનારંગી તોપણુ નારંગી કહે લોકરે—દુનિયા.
વનજંગલ દાવાનળ સળગ્યો—નહીં ટીપે બુઝાય, (૨)
અંતર ઘાએ પેટ પાકયું ત્યાં પાટા કયાં બંધાય.
સોમેશ્વર—કહો ભાઇ પાટા કયાં બંધાયરે—દુનિયા.
અનુભવાનંદ—કુમારજાના દુઃખનું વર્ણન બ્રહ્માથી નવ થાય. (૨)
આપત્તિનું આભ ફાટયું ત્યાં થીગડું કયાં દેવાય.
સોમેશ્વર—કહો ભાઇ થીગડું કયાં દેવાયરે—દુનિયાં.

૨૬

અનસૂયા—ગુણુ તજે ન ગુણીજન દુઃખના ત્રાસે.
ધૈર્ય ધરી રહે સંકટ દીલ ઉલ્લાસે.
ચંદન વૃક્ષ કુહાડેથી કાપે,
આપે સુવાસ તપે જેમ તાપે.
બ્હેની વ્હાલી મારી-જોને તું વિચારી—ગુણુ તજે.
નર્મદા—શાપ ઋષિનો વૃથા નવ કહાવે,
દેવ પતિ મારા સ્વર્ગે સીધાવે.

અનસૂયા—બ્હેની બ્હાલી મારી—જોને તું વિચારી.
નર્મદા—થાશે અનર્થ મહા સતી સૂર્ય પ્રકાશે.
અનસૂયા..........................ગુણ તજે.

૨૭

સુરદાસ—વાહરે વાહ વાહરે વાહ શાણી સુજાણ,
સૃષ્ટિ તણાં કરૂં શાં શાં વખાણ—વાહરે.
નર્મદા—ધીરા ધીરા નવ થાઓ અધીરા,
ઓ સ્વામી મારા તમે જીવન પ્રાણ—વાહરે.
સુરદાસ—આ શું ?
નર્મદા......ઝુંપડી.
સુરદાસ.........આ શું ?
નર્મદા...............ઝાડ ?
સુરદાસ—આ શું ?
નર્મદા.........નદી.
સુરદાસ..............આ શું ?
નર્મદા................પ્હાડ.
અનસૂયા—ધર્મ તણી બ્હારે ધાઓ સીધાઓ સુમાર્ગે—
સદા જેથી થાએ કલ્યાણ.
સુરદાસ—વાહરે વાહ વાહરે વાહ શાણી સુજાણ.

રાજા }
સર્વે } ૨૮

જય જય જય પરમઉદાર કીધો ઉપકાર દાસ જન સાથે.

મહા સતી ભગવતી–દીનદયાળી
બીરદ પાળીયું તેં બીરદાળી.
પતિતપાવની વિપતવિડારી–સેવકને થઇ સાએ—કીધો,
કરી ભાવે કરૂણા કલ્યાણી,
જગદંબા જગમાં વખણાણી,
તુજશક્તિ ત્રિભુવનમાં જાણી–ઞળીલળી લાગે પાયે––કીધો.

કડવી— ૨૯

નરવીણુ જગમાં નારતણી કીમત કોડી કહાવે,
હલકું લોહી ગણી અબળાનું જુઠાં આળ ચઢાવે.—નાર.
વ્હાલાં પણ વેરી થઇ જેને જેમ ફાવે તેમ બોલે,
કંથ વિનાની કામિનીનું જીવતર તરણા તોલે.—નાર.
કુડ કપટની ભરી કુલટાઓ લાલચ દઇ લલચાવે,
ભવરણમાં ભરથાર વિના ભામાની લાજ લુંટાવે. –નાર.

કુંવરી— ૩૦

મારે મ્હોઢે મનાવી રાજી કહેવરાવી,
કલાવી પટાવી પુછો શું તમે (૨)
ફુલ સુગંધીવાળાં–રૂડાં રંગે રૂપાળાં
તેની મીઠી સુગંધી કોને ના ગમે.
કોને ના ગમે–મારે.
લીલાં પીળાં ઝાડ પાન–ઉપર પંખી કરે ગાન,
રોજ કાને સાંભળવાં કોને ના ગમે.
કોને ના ગમે–મારે.

નર્મદા—વાહ કેવી છે શાણી, બોલે મધુર વાણી;
    ડાહી ડમરીના બોલ મારા મનમાં રમે—મારે.

અનસૂયા— ૩૧

ચાહો જો તમે નરેશ દેશને કરવા આબાદાન (૨)
પ્રથમ પગથીયું હાથ કરીલ્યો—દયો માતાને જ્ઞાન—ચાહો.
હોય જો માતાઓ ગુણવાન,
ઉછેરે રૂડી રીતે સંતાન;
કરાવી જ્ઞાન સુધારસ પાન---દેશને.
કેળવણી વિણ નીલમને માણેક પથ્થર કહેવાય,
કેળવણીથી વિષ હળાહળ પણ અમૃત થઈ જાય.
નથી જ્યાં સુધી સુશિક્ષીત નાર,
કહાવે અર્ધ દગ્ધ સંસાર.
વ્યર્થ તે વિના પ્રયત્ન હજાર—દેશને.

ખીમો— ૩૨

હાંરે મારે આજની ઘડી તે રળીયામણી.
જઈને આખા ગામમાં ખાશું વધામણી જીરે,
વધામણી જીરે—આજની.

રૂડકી—બેશ કહેતાં બેશી જઉ ને ઉઠ કહેતાં ઉઠું,
ખીમો---જોજે વળતી ફરી જતી તું રખે બોલતી જુઠું.
રૂડકી—ખાત્રી ના પડતી હોય તો કહી જુઓ.
ખીમો—એમ ?
રૂડકી—હા—

બીમો—બેસીજા-ઉભીથા-બેસીજા-ઉભીથા-ઉભીથા—
કેમ કેવી ભૂલી ?
રૂડકી—ભૂલી ભૂલી સત્તરવાર ભૂલી લ્યો થયું !
બીમો—...............હારે.

પુરૂષ-પ્રકૃતિ— ૩૩

અહો બ્રહ્મનાદ ગાજે, શો બ્રહ્મનાદ ગાજે.
રૂડો રાસ રચ્યો આજે બ્રહ્માંડમાં.
અનેક રૂપે રાચીએ અનંત કોટી અંડમાં-શો.
બીજ રૂપે રહી વૃક્ષમાં પોષે ભૂમિ રસ સાર,
ભૂતળ દળે ઉંડા જજો-પણ વસીએ નિરધાર.
દેહ ભુત માંહી દેવરૂપે મનાઇએ,
તેજ માંહી તત્વ બની તેજમાં સમાઇએ,
શૂન્ય માંહી શબ્દે છવાઇએ— શો બ્રહ્મ.
સ્વર્ગ મૃત્યુ પાતાળમાં સ્થળ એવું નહી કોઈ,
કરીએ ક્રીડા નવ અમે અણુંમાં પણુ આણું હોય;
અનેક રૂપે રાચીએ અનંત કોટી અંડમાં-શો બ્રહ્મ.

લક્ષ્મી— ૩૪

પ્રીતમ ન્હોય પ્રીતની રીત. (૨)
વાલમજી તરૂવરપર સુંદર હું વિંટલાઇ વેલી;
મોહનજી મુખ મચકોડી તરછોડો આ મદ ઘેલી-પ્રીતમ.
દ્રોણાચળપર વાસવસીને-રોગે રહી હુ ઉદાસી;
પીડે તૃષા સરવર ત્રટ પાસે-ઘટ ઘટ પ્રગટ પ્રવાસી-પ્રીતમ.

૩૫

લક્ષ્મી—ઠીક યુક્તિ સાધી મુનિરાજ પાર પામવા.
નારદ—નહીં સમર્થ કોઇ શક્તિભાવીને ભમાવવા
લક્ષ્મી—અગમ નિગમ પ્રભુની માયા.
પાર્વતી—નિહાળી ઇંદ્ર મુનીંદ્ર લોભાયા.
સાવિત્રી—મોહિની રૂપે અસુર ઠગાયા.
લક્ષ્મી—તો ભોળી ભામાના ભારથા-ઠીક.

૩૬

વંત્રી—ગણું ધણીને મનથી ગાંડુ,
રોયો પીટયો કહીને ભાંડુ;
છોરૂં મારાં રડતાં છાંડુ-મારૂં મુગો માર,
ગોલો ઘરનું કામ કરે હું ફરવાની ઘર બ્હાર.

* * * * * *

વંત્રી—હું ધણી જાય ત્યાં જાઊં,
ધણી ખાય તે ખાઊં,
જો ડાહ્યો થઈ અટકાવે તો વઢવા સામી ધાઊં
સરખા હક છે બન્નેના શાને નરના ગુણ ગાઊં;
વંત્રી—પતિ મરે તો પરણું બીજો,
ના ફાવે તો કરવો ત્રીજો;
ધણી વિના નવ ઘડી રહું-કહાવું નિત સધવા નાર,
રાંડ બની રહેવું ઘર ખુણે નહીં મુજને ગમનાર,

* * * * * *

વંત્રી—કંઇ નથી ગધેડી નાર,
ઉપાડે ઘરનો ભાર,
કોણ કુટે મ્હેનત મજુરી પતિની રહી તાબેદાર;
જનસમાજમાં ભાગ લઇ ભરમાવું મમ ભરથાર.

* * * * * *

અનસૂયા. ૩૭

મારે મંદિરે પધારો યોગીરાજ મહારાજ,
ભોજન કરાવું મન ભાવતાં.
ઘેબર ઘારી જલેબી શીરો સુખડી;
મોતીચુર ને મેસુર ભાગે ભુખડી,
તણુ તતબીરે કાચરી વડી તમ કાજ—ભોજન૦
નેહે નીપજાવું શાક ભાત ભાતનાં,
રૂડાં રાઇતાં બનાવું જાત જાતનાં;
અતિ જુગતીથી પીરસું પ્રીતે ધરી બાજ—ભોજન૦

કડવી— ૩૮

લીધો આજ સંસારનો સાર જાણી.
પૂજું હું પતિને પ્રભુજી પ્રમાણી—લીધો૦
ફટ ફટ ફટ જે ફુવડને નહીં વ્હાલો ભરથાર,
નફ્ટ નફ્ટ હતભાગ્યણી કહાવે કુલ અંગાર;
પતિવિણ સ્ત્રીનું જીવન ધુળધાણી (૨)—લીધો૦

અનસૂયા— ૩૯

બોલો બોલો દીલ વિચારી (૨)

આ શું વિપરિત વાત ઉચ્ચારી—બોલો૦
કાંટાની કુંજમાં દેખાંને કોડી,
લોભાઇ શીદ લેવા જાઓ દોડી,
ગૌતમ નીતિના પંથને છોડી,
પામશો વેદના ભારી—બોલો૦

અનસૂયા— ૪૦

વાલમજી વ્હેલા વળજોરે—પાયે પડું છું.
દાસીપર અટળક ઢળજોરે—પાયે પડું છું.
પ્રીતમ મારે શિરે સંકટ નભ છાયું (૨)
પરોણાએ વિષ પાયુંરે-વિષ પાયુંરે—પાયે પડું છું.
ચોંયળ ધન મારૂં મોહન જો લુંટાશે (૨)
ઝુરી ઝુરી જીવડો આ જાશે-જીવડો જાશેરે—પાયે પડું છું.

——:o:——

અંક ૩ જો.

૪૧

(**શિવદત્ત**) ભજને પ્રભુને ભાવેરે-પામર પ્રાણી.
હરિદત્ત) ભજને પ્રભુને ભાવે, લખચોરાશીના આવે.
યમદૂત નવ ફાવેરે-પામર પ્રાણી-ભજ.
ચોર પેસી લુંટે વાડી-જોને તુ આંખો ઉઘાડી,
રહી માયા ડોળા કાઢીરે-પામર પ્રાણી—ભજ.

ભક્તિ ઢાલ ઝાલ હાથ, પુન્ય બરછી એને સાથ,
સાહ્ય થાશે દીના નાથરે—પામરપ્રાણી-ભજ.
મારી કાઢ યુદ્ધ કરી—જાઇશ ન પાછું જરી,
જઇશ ભવસાગર તરીરે—પામર પ્રાણી-ભજ.

૪૨

દેવતાઓ
અપ્સરાઓ } થાઓ સુરવર વિજય વિજય જય.

ગાઓ મધનીસા બજાવો
ગસાનીધની—થાઓ સુરવર.
અવિચળ—કીર્તિ જામો.
સુખ પામો—દુઃખ વામો.
શોક સઘળા વિરામો—થાઓ,
ધા ધા ધીન્ના ધાકડાંગતક ગીનતર તરકીટ
ધધીગન ધીત્તા ધા ધા (૩)
સાસા ગગ મમ ધધ,
સાનીધ સાનીધ ગમ ધમગ ધમગ મગ.
નીધમગ સાનીધની—થાઓ.
છાછા ઝુમ ઝુમ છનનન છનન,
ઝુંમક ઝુમક ઝુમ છનનન છીક છીક છાછા(૩)થાઓ.

નારદ— ૪૩

મનવા મત કરતું અભિમાન,
મૂરખ બીજ કડવાં છે મદનાં.

સમજ સમજ નાદાન–મનવા.
સાગર નીર ખારૂં મદ લોભે,
ધર શ્રીધરનું ધ્યાન–મનવા.

નારદ— ૪૪

નહીં ચીજ કોઇ ગળી, ગરજ સમ નહીં ચીજ કોઇ ગળી.
માનવંતનિજ માન મૂકી, દુશ્મનને પડતાં ઢળી–ગરજ.

પાર્વતી–બળીયા પણ નિર્બળને નમતા, રાય રંક ઘર જાય,
સાવિત્રી–સોંઘુ પણ મોંઘુ થઇ બેસે. કળા શકાય ન કળી–ગરજ.
લક્ષ્મી–સમયાધિન થઇ ઝેર હળાહળ, પીવું અમૃત ગણી
નારદ–જઈ મહાસતીને શીષ નમાવો–જાગ આપદા ટળી–ગરજ.

કુંવરી— ૪૫

હાલો હાલો મારા ભાઇને હાલો હાલો.
હલુલુ હાલો (૨) હલુલુલુ–હાં હાં હાં–હાલો હાલો.
સુંદર સોનાને પારણે પોઢાડું ઓઢાડું મલમલ ચીર,
રમકડે હું રમાડું છાના છાના મારા વીરરે,
છાના છાના મારા વીરરે–હલુલુલુ–હાંહાંહાં–હાલો હાલો,
ફુલની ટોપીને ફુલના વાગા આંગણે વેરૂ ફુલ,
ચંદરવા ગુંથી ફુલના બાંધું, મૂકાવું મોતીની ઝુલરે.
માંહી મૂકાવું મોતીની ઝુલરે–હલુલુલુ–હાંહાંહાં–હાલો હાલો.

કુંવરી— ૪૬

જુઓ જુઓને માજી આતે શું કહેવાય,
ભાઇના મુખમાંહી આ શું દેખાય–જુઓ.
ઓ બાપરે મને લાગે છે બીક–ઓ બાપરે,

અનસૂયા—

ચાને મ્હીવરાવો બાળા, મૂકોને હવે ચાળા;
થઇ ડાહ્યા—ઓ જાયા—હવે ના રહેવાય—જુઓ જુઓ.

૪૭

કુંવરી—આજ સુધી થાકી હું તો બોલાવી બોલાવી,
હવે શું હસો છો ભાઇ મુખ મલકાવી;
કહો ને શી દીઠી નવાઈ, (૨)
જાણી તમારી ઠગાઈ.
ડોક નાજુક ઠુમકુ ડોલાવી ડોલાવી—હવે શું હસો છો ભાઈ.

સર્વ— ૪૮

ગાઓ સર્વ મળી આજે આનંદે ગુણ ગ્રામી,
શિર નામી જય અવિચળ ધામી—સ્વામી;
મહિમા ત્રિભુવનમાં ઝગ ઝગ ઝગકે અવિરામી—ગાઓ૦
હે સતી સેવો પ્રીતે શાણી—પ્રેમે પતિને.
રૂડી રીતે પ્રભુજી જાણી,
મૃદુ મૃદુ ભણી મુખ વાણી;
સુખમાં, દુઃખમાં, સાથે રહીને,
ગણી અંતરના વિશ્રામી—ગાઓ૦

શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

સમાપ્ત.

અમારી રાજા રજવાડામાં વખણાતી "યાકુતી" ની નકલો નીકળેલ છે માટે ખરીદ કરતી વખતે સંભાળજો. અમારી બનાવેલ બાદશાહી યાકુતી અનંગ વિલાસ અમે કોઇને વેચવા આપેલ નથી અમારી બનાવેલ યાકુતી માત્ર રાજકોટમાં અમારા ઔષધાલયમાંજ મળે છે.

બાદશાહી યાકુતી.

(અનંગ વિલાસ.)

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે; પુરૂષાતન કાયમ રાખે છે. સંસાર સુખ ભોગવવા માટે હોંશ અને જુવાની દવામાં ઉંચામાં ઉંચી દવા કોઈ છે તો આ **અનંગ વિલાસ બાદશાહી યાકુતી** છે. આ ગજબની યાકુતી વીર્ય વિકારના તમામ વ્યાધિ મટાડે છે અને તન પદ બનાવી ખરૂં પુરૂષાતન આપે છે. રાજા રજવાડામાં તથા શ્રીમંત લોકોમાં આ દવા બહુ વખણાય છે. ખરી મરદાઇ આપનાર અને નબળા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે. આ દવા વાપરવામાં કોઈપણ જાતની પરેજીની જરૂર નથી. ૪૦ ગોળીની ડબી એકના રૂપૈયા દશ.

ડાકતર કાલીદાસ મોતીરામ રાજકોટ—કાઠિયાવાડ.

જાહેર ખબર.

નીચેનાં પુસ્તકો મોરબી નાટક કંપનીનો જ્યાં મુકામ હોય ત્યાંથી, તથા મુંબઈમાં બુકસેલર એન. એમ. ત્રિપાઠીની કુંપની તથા બુકસેલર વસનજી પરમાનંદ ચાહવાળા હે. કાળબાદેવીરોડ અને અમદાવાદમાં બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુષ્ટેની દુકાનેથી રોકડી કીમત મોકલી અગર વેલ્યુપેબલ પાર્સલથી મંગાવી લેવાં.

		કંસવધનાં ગાયન.	૦-૨-૦
ભર્તૃહરિ નાટક મોટું. (સચિત્ર)	૧-૪-૦	ત્રિવિક્રમ નાટક મોટું.	૧-૦-૦
		સદર ગાયન.	૦-૨-૦
સદર ગાયન.	૦-૨-૦	જગદેવપરમાર ના.મો.	૧-૦-૦
સતીઅનસુયા નાટકમોટું (સચિત્ર)	૧-૪-૦	જગદેવ પરમાર ગાયન	૦-૨-૦
		ચંદ્રહાસ નાટક મોટું.	૧-૦-૦
સદર ગાયન.	૦-૨-૦	ચંદ્રહાસ ગાયન.	૦-૨-૦
ચાંપરાજ નાટક મોટું	૧-૦-૦	વીરબાળાનાં ગાયન.	૦-૨-૦
સદર ગાયન.	૦-૨-૦	દેવયાનીનાં ગાયન.	૦-૨-૦
રાજસિંહ નાટક મોટું	૧-૦-૦	રાજતરંગ નાટકનાં ગા.	૦-૨-૦
સદર ગાયન.	૦-૨-૦	વિશુદ્ધ વિજયનાં ગાયન	૦-૨-૦
રાણકદેવી નાટક મોટું	૧-૦-૦	સરસ્વતી નાટકનાં ગા.	૦-૨-૦
સદર ગાયન.	૦-૨-૦	રમારણજીતનાં ગાયન.	૦-૨-૦
ત્રિયારાજ નાટક મોટું	૧-૦-૦	મદાલસા નાટક ગા.	૦-૨-૦
સદર ગાયન.	૦-૨-૦	અંબરીષ નાટક ગા.	૦-૨-૦

સુકન્યા સાવિત્રી ગાયન ૦-૨-૦

મૂળજી આશારામ ઓઝા.